૨૫૧૭

નં. એફ.એસ/યુનિફોર્મ/નેમપ્લેટ/ ૨૫૧૭

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી

બ્લોક નં.-૬, બીજો માળ,

ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તારીખઃ- ૨૬.૦૪.૨૦૧૯.

30 APR 2019

પ્રતિ,

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, તમામ.

પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી, તમામ.

ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી, તમામ.

વિષયઃ- ટેકનિકલ અધિકારીઓએ ફરજ દરમ્યાન યુનિફોર્મ તેમજ નેમ પ્લેટ લગાવવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મોટર વાહન અધિનિયમ, ૧૯૯૮ ની કલમ ૨૧૩ ની જોગવાઇ હેઠળ મોટર વાહન અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવે છે તથા કલમ ૨૧૩(૨) હેઠળ રાજ્ય સરકારને અધિકારીશ્રીઓની ફરજ, સત્તા તથા યુનિફોર્મ વગેરેના નિયમ બનાવવાની સત્તા છે. આ જોગવાઇ મુજબ મોટર વાહન ખાતાના ટેકનીકલ સંવર્ગના તમામ કમર્ચારીઓ/અધિકારીઓએ નિયત કરેલ યુનિફોર્મ પહેરવો ફરજીયાત છે. વાહન વ્યવહાર વ્યવહાર વિભાગ હસ્તક આવતી તમામ ક્ષેત્રીય કચેરીઓ તેમજ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી જેવા કે, આરટીઓશ્રી, એઆરટીઓશ્રી, મોટર વાહન નિરીક્ષકશ્રી તેમજ સહાયક મોટર વાહન નિરીક્ષકશ્રીઓને એન્ફોર્સમેન્ટ તેમજ રોડ ચેકીંગની કામગીરી રાઉન્ડ ધી કલોક (24X7) કરવાની હોય છે. અત્રેની કચેરી ના ધ્યાને આવેલ છે કે, કચેરીમાં ફરજ દરમ્યાન તેમજ એન્ફોર્સમેન્ટની કામગીરી દરમ્યાન નિયત કરેલ યુનિફોર્મ પહેરતા નથી. જેની ઉચ્ચ કક્ષાએ ગંભીર નોંધ લેવામાં આવેલ છે.

આથી ઉપરોકત કામગીરી દરમ્યાન તમામ આરટીઓશ્રી, એઆરટીઓશ્રી, મોટર વાહન નિરીક્ષકશ્રી તેમજ સહાયક મોટર વાહન નિરીક્ષરશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે કે <u>કચેરી સમય દરમ્યાન, એન્ફોર્સમેન્ટની કામગીરી દરમ્યાન તેમજ રોડ ચેકીંગની કામગીરી દરમ્યાન યુનિફોર્મ તેમજ નેમ પ્લેટ લગાડવી ફરજીયાત છે. જો યુનિફોર્મ પહેરેલ નહીં હોય અને નેમ પ્લેટ લગાડેલ નહીં હોય તેવું અત્રેની કચેરીને ધ્યાન પર આવશે તો તેમની અંગત જવાબદારી ગણી આગળની કાર્યવાહી કરવામાં આવશે. સદરહું બાબતે દરેક કચેરીના વડાઓએ પણ અંગત તકેદારી રાખીને ચોકકસ અમલવારી થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.</u>

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય ગાંધીનગર.

AGTTA
DT. : 19/6/2019
File No. : 19

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માન. અગ્રસચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ ના અંગત મદદનીશશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.

(૨) નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નં.-૨, ૯મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ ધ્વારા રજુ કરવાની કાયદાકીય અધિકૃતતા આપવા તથા ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પ્લેટથી રજુ થયેલા આ દસ્તાવેજોને મુળ દસ્તાવેજો જેવી કાયદાકીય અધિકૃતતા આપવા બાબત.

ક્રમાંક:એમવીપી/ડીજીલોકર/અધિકૃતતા/ઓન/ ૫૮૧૧
વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર, ગુજરાત રાજય,
તારીખ. -૯-૨૦૧૮. 17 SEP 2018

-: પ રિ પ ત્ર :-

આ મુ ખ.

હાલ મોટર વાહન કાયદાની જોગવાઈઓ પ્રમાણે વાહન ચલાવતીવખતે ડ્રાઈવીંગ લાયસન્સ, આર.સી.બુક, પીયુસી, વીમો પોલીસી વિગેરે સાથે રાખવા ફરજીયાત છે આ દસ્તાવેજો તેના ભૌતિક સ્વરૂપે રાખવાને બદલે જો ડીજીટલ સ્વરૂપે વાહન માલીક કે ડ્રાઈવરના મોબાઈલ ફોનમાં રાખવામાં આવે તો ઘણી સુગમતા થશે. ભારત સરકારના સંદેશા વ્યવહાર અને માહિતી પ્રદ્યોગિકી મંત્રાલયે તા.૨૧-૭-૨૦૧૬ થી નોટીફીકેશન ક્રમાંક-જીએસઆર ૭૧૧(ઈ) થી ઈન્ફર્મેશન ટેકનોલોજી (પ્રિઝર્વેશન એન્ડ રીટેન્શન ઓફ ઈન્ફર્મેશન બાય ઈન્ટરઝીડીયરીઝ પ્રોવાઈડીંગ ડીજીટલ લોકર ફેસીલીટીઝ) રુલ્સ,૨૦૧૬ જાહેર કરેલ છે. જેની નકલ બિડાણ-૧ થી સામેલ છે. આ નિયમો ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ,૨૦૦૦ હેઠળ બહાર પાડવામાં આવેલ છે. આ નિયમોમાં નિયમ-૨ ના પેટા નિયમ-૧૨ ના ખંડ (જી) માં ડીજીટલ લોકરની વ્યાખ્યા આપવામાં આવેલ છે. તે મુજબ ડીજીટલ લોકર એટલે તેના વપરાશકર્તા ધ્વારા ઈલેકટ્રોનીક રેકર્ડની સાચવણી અને નિભાવણી કરવાની તથા વપરાશકર્તાને ઇલેકટ્રોનીક રેકર્ડની ડીલીવરી આપવાની સેવાને ડીજીટલ લોકર કહેવામાં આવે છે. જયારે ડીજી લોકર એટલે રાજય સરકાર માન્ય અને રાજય સરકાર ધ્વારા સંચાલન કરવામાં આવતી વેબસાઈટ અને મોબાઈલ આધારિત ડીજીટલ લોકર સીસ્ટમ.

સૂચનાઓ :-

ડ્રાઈવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ ધ્વારા રજુ કરવાની બાબતને કાયદાકીય અધિકૃતતા આપવા તથા ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મથી રજુ થયેલા આ દસ્તાવેજોને મુળ દસ્તાવેજો જેવી કાયદાકીય અધિકૃતતા આપવા અને ડીજીલોકર/એમ પરિવિહન એપનો વધુમાં વધુ ઉપયોગ થાય તે માટે ભારત સરકારે વખતો વખત સૂચનાઓ આપેલ છે. છેલ્લે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ ડીપાર્ટમેન્ટના તા.૮-૮-૨૦૧૮ ના પત્રથી અદ્યતન સૂચનાઓ આપેલ છે. (નકલ સામેલ છે) આ સૂચના નીચે પ્રમાણે છે.

(૧) ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ઈલેકટ્રોનીકસ અને ઈન્ફર્મેશન ટેકનોલોજીના ડીજીલોકર પ્લેટફોર્મ અને મિનિસ્ટ્રી ઓફ રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર ભારતીય

નાગરિકોને ઇસ્યુ કરવામાં આવેલ ડ્રાઇવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને ઇલેકટ્રોનીક ફોર્મમાં રાખવાની સગવડ આપવામાં આવે છે. તેમજ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવેઝના એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર આઇ.ટી.એકટ,૨૦૦૦ મુજબ ડીજીલોકર/એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર મુકેલ ડીજીટલ કોપીઓને મુળ દસ્તાવેજો જેવી જ માન્યતા આપવાનું ફરજીયાત બનાવેલ છે.

(૨) મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ અને સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ મુજબ માલીક /ડ્રાઇવરે યોગ્ય સત્તાધિકારી માંગે ત્યારે લાયસન્સ અથવા રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.

(૩) આઇ.ટી.એકટ,૨૦૦૦ ની જોગવાઇઓ મુજબ ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર રજુ થયેલ ડ્રાયવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની ડીજીટલ કોપીને મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ મુજબ વેલીડ ગણવા તેમજ ટ્રાન્સપોર્ટ ઓથોરીટી ધ્વારા ઇસ્યુ થયેલ સર્ટીફીકેટની જેમ જ માનવા.

(૪) જો વાહન માલીક/ડ્રાઇવીંગ ધ્વારા ગુનો આચરવામાં આવે અને દસ્તાવેજો કબજે લેવાની જરુરીયાત ઉભી થાય તેવા કીસ્સામાં એન્ફોર્સમેન્ટ એજન્સી આ દસ્તાવેજોને **VAHAN / SARATHI** ડેટાબેઝ પરથી ઇલેકટ્રોનીક સ્વરૂપમાં મેળવી શકશે. આ દસ્તાવેજોને ફીઝીકલ સ્વરૂપમાં સીઝ કરવાની જરુરીયાત રહેશે નહીં.

(૫) ઇ-ચલણ સોફટવેરમાં ડોકયુમેન્ટ ઇમ્પાઉંડનું ઓપ્શન ઉપલબ્ધ છે. જયારે વાહન-ચાલક પાસે ડોકયુમેન્ટ ડીજીટલ સ્વરૂપે હોય અને ઇમ્પાઉંડ કરવાના હોય ત્યારે ઇ-ચલણ સોફટવેરમાં ડોકયુમેન્ટ ઇમ્પાઉંડની નોંધ કરવાની રહે. આ નોંધ વાહન ૪.૦ સોફટવેરમાં એલર્ટ સ્વરૂપે રિફલેકટ થશે. આથી જો વાહન પર કોઇ ટ્રાન્ઝેકશન કરવાનું હોય તો વાહન ૪.૦ માં એલર્ટ આવશે જેથી ટ્રાન્ઝેકશન અટકાવી શકાય.

આમ, ડીજીલોકર અથવા એમ પરિવિહન એપ પ્લેટફોર્મ પર રજુ થયેલ ડ્રાઇવીંગ લાયસન્સ અને રજીસ્ટ્રેશન સર્ટીફીકેટને મુળ દસ્તાવેજો જેવા ગણવા જણાવવામાં આવે છે. અને ડીજીલોકર/ ડીજીલોકર/એમ પરિવિહન એપ પોર્ટલનો વધુને વધુ નાગરિકો ઉપયોગ કરે તે માટે જરુરી પ્રચાર-પ્રસાર કરવા સૂચના આપવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,

(૧) તમામ સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી/ તમામ પ્રાદેશિક/ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી.
(૨) તમામ ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રી.
(૩) ડાયરેકટર જનરલ ઓફ પોલીસ અને ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ, પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત.

:પુરબિધા:પરીપત્ર-૨૦૧૦:૧૫૫:

સોનલ મિશ્રા (આઇ.એ.એસ)
વાહનવ્યવહાર કમિશ્નર

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય
બ્લોક નં.-૬, બીજે માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નં.એફ.એસ/પત્રો-પરિપત્રો/અમલીકરણ/ ૬૫
તારીખ:- 3 MAY 2019

વિષયઃ- વાહન વ્યવહાર વિભાગ હસ્તક થયેલ પત્રો તેમજ પરિપત્રોની સૂચારૂ રીતે અમલીકરણ બાબત.

વાહનવ્યવહાર વિભાગ એ રાજ્ય સરકારની આવકની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યનો વિભાગ છે. વાહનવ્યવહાર વિભાગ એ મોટરીંગ પબ્લીક તથા વાહનના યાતાયાત સાથે સંકળાયેલ ઉધોગો સાથે સંકળાયેલ છે. આ વિભાગમાં આરટીઓ, એઆરટીઓ તેમજ ચેકપોસ્ટ દ્વારા મોટર પબ્લીકને લગતી રજીસ્ટ્રેશન, લાયસન્સ, પરમીટ, ડીએ, એન્ફોર્સમેન્ટ તેમજ રોડસેફટીની કામગરી કરવામાં આવે છે.

અત્રેની કચેરી દ્વારા વખતોવખત મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮, મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ માં ભારત સરકાર દ્વારા જો કોઇ ફેરફાર કરવામાં આવે છે. ત્યારે પરિપત્ર તથા અન્ય માધ્યમો દ્વારા નીચેની કચેરીઓને અમલીકરણ કરવા માટે સૂચના આપવામાં આવે છે. ટ્રાન્સપોર્ટ એસોસીએશન તથા અન્ય માધ્યમો દ્વારા અત્રેની કચેરીને ધ્યાને આવેલ છે કે અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓનો અમલ કરવામાં ક્ષેત્રીય કચેરીઓમાં વિસંગતતા જણાઇ આવેલ છે. તેના લીધે મોટરીંગ પબ્લીકને તેમના રોજબરોજના કામમાં મૂશ્કેલી ઉભી થાય છે.

અત્રેની કચેરી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓમાંથી મુખ્યત્વે આ સાથે સામેલ કરેલ માર્ગદર્શિકમાં દર્શાવેલ પત્રો તેમજ પરિપત્રમાં આપવામાં સૂચનાઓના અમલીકરણમાં વિવિધ કચેરીઓમાં વિસંગતતાઓ જોવા મળે છે. તો આ બાબતે ફરીથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ સાથે સામેલ માર્ગદર્શિકા મુજબનું અર્થઘટન કરવાનું રહેશે.

આથી તમામ આરટીઓશ્રી/એઆરટીઓશ્રી તેમજ ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓને જણાવાવનું કે, અત્રેની કચેરી તરફથી મોકલવામાં આવેલ પત્રો તેમજ પરિપત્રોને ધ્યાનથી વાંચી તમામ જવાબદારોને વંચાવી તેનું સામેલ માર્ગદર્શિકા મુજબ અર્થઘટન કરી આપની કચેરીના તમામ અધિકારશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓને યોગ્ય માર્ગદર્શન આપવું તથા તેની અમલવારી સુનિશ્ચિત કરવાની રહેશે. આ બાબતની અંગત જવાબદારી જે તે આરટીઓશ્રી/એઆરટીઓશ્રી અને ચેકપોસ્ટ ઇન્ચાર્જશ્રીની રહેશે.

ઉપરની સૂચનાઓનો તાત્કાલિક અસરથી અમલ કરવા જણાવવામાં આવે છે.

વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિ,
શ્રી જે.જે. ચુડાસમા
ઇન્ચાર્જ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
ભાવનગર.

AGTTA
DT. : 19/6/2019
File No. : 19

# માર્ગદર્શિકા

(૧) પત્ર નં ન.ડીએ/કાર કેરિયર/જાહેરનામા G.S.R.963(E)/2541 તારીખ : ૦૩/૦૫/૨૦૧૭

| પરિપત્ર ની સૂચના | અર્થઘટન |
|---|---|
| તારીખ ૦૭/૧૦/૨૦૧૬ થી કેન્દ્રીય મોટર વાહન નિયમ ૧૯૮૯ ના નિયમ ૯૩ ના પેટા નિયમ -૨ માં સુધારો કરી ઓટોમોબાઇલ પ્રોડ્કટ ના વાહન માટે ઉપયોગમાં લેવામાં આવતા વાહનો(કાર કેરીયર) ના રજીસ્ટ્રેશન સમયે ૧૮.૭૫ જેટલી લંબાઇ વાળા આર્ટીક્યુલેટેડ ટ્રેઇલરોનં રજીસ્ટ્રેશન નિયમોને આધિન કરી શકાશે. | તારીખ ૦૭/૧૦/૨૦૧૬ થી કેન્દ્રીય મોટર વાહન નિયમ ૧૯૮૯ ના નિયમ ૯૩ ના પેટા નિયમ -૨ માં સુધારો કરી ઓટોમોબાઇલ પ્રોડ્કટ ના વાહન માટે ઉપયોગમાં લેવામાં આવતા વાહનો(કાર કેરીયર) ની ૧૮.૭૫ જેટલી લંબાઇ રજીસ્ટ્રેશન તથા માંડવાળ ફી વસુલ કરતી વખતે માન્ય રાખવી. |

(2) પત્ર નં.ટેકનીકલ-૧/સ્પીડ ગવર્નર/સુચના/૩૮૦૦ તારીખ- ૧૮/૦૬/૨૦૧૮

| પરિપત્ર ની સૂચના | અર્થઘટન |
|---|---|
| માર્ગ પરિવહન અને ધોરિમાર્ગ મંત્રાલય ના પત્ર નં. **RT/11036/22/2017/MVL** તા.૨૫/૧/૨૦૧૮ મુજબ સ્પીડ ગવર્નરનો એન્યુઅલ મેઇનટેનંસ લેવાની જરૂર નથી. | અત્રેની કચેરીએ ફીટનેસ માટે આવતા વાહનમાં લગાવેલ સ્પીડ ગવર્નરના એન્યુઅલ મેઇનટેનંસના પ્રમાણપત્ર લેવાની જરૂર નથી. |

(3) પત્ર નં.એફ.એસ./ફીટનેશ.રીફલેક્ટર.સ્પીડ ગવર્નર બીલ/.૪૦૪૯ તારીખ – ૨૭/૦૬/૨૦૧૮

| પરિપત્ર ની સૂચના | અર્થઘટન |
|---|---|
| ફીટનેશ વખતે સ્પીડ ગવર્નર રેડીયમ પટ્ટી/ રીફલેક્ટીવ ટેપના બીલ ઉપરાંત સર્ટીફીકેટનો આગ્રહ નહી રાખવા જણાવવામાં આવે છે. | અત્રેની કચેરીએ ફીટનેશ માટે આવતા વાહનમાં ફીટનેશ વખતે સ્પીડ ગવર્નર રેડીયમ પટ્ટી/રીફલેક્ટીવ ટેપના બીલ ઉપરાંત તેના કોઇ સર્ટીફીકેટ માટે આગ્રહ રાખવો નહી. |

(4) પત્ર નં.એમવીપી/એમવીપી/સીએમવીઆર/સુધારા/૨૨૧૯ તારીખ – ૩૦/૦૩/૨૦૧૯

| પરિપત્ર ની સૂચના | અર્થઘટન |
|---|---|
| ૩ નિયમ-૯ : નેશનલ પરમીટ માટેની વધારાની જોગવાઇ | • વાહની આગળ અને પાછળની બાજુએ **"National Permit"** અથવા **N/P"** ઘાટા અક્ષરોમાં ચીતરવાનુ રહેશે. ટ્રેઇલરના કીસ્સામાં N/P વાહની પાછળ અને ડાબી બાજુએ ચીતરવાનુ રહેશે.<br>• ભયજનક અને જોખમકારક હેરફેર કરતા ટેંકરોની બોડી સફેદ રંગની રહેશે અને નિયમ ૧૩૭ માં દર્શાવેલ ક્લાસ લેબલ ટેંકરની પાછળ અને બંને બાજુએ પ્રદર્શિત કરવાનો રહેશે. એન.પી વાળા વાહન માટે ચોક્કસ પ્રકારના રંગની જોગવાઇ નીકળી ગઇ છે તેથી કચેરી ખાતે આવતા વાહનો માટે કોઇપણ પ્રકારનુ કલર સર્ટીફિકેટની માંગણી કરવાની રહેતી નથી. |